માનનીય અધ્યક્ષશ્રી,

જયારે ભારત  અત્યારે વિકસીત ભારત માટે સંકલ્પબધ્ધ થઈ રહયો છે અને માનનીય મોદીસાહેબ ભારતને પાંચમી મોટી અર્થવ્યવસ્થા થી ત્રીજી મોટી અર્થવ્યવસ્થા આવનાર ભવિષ્યમાં બનાવવા માટે પ્રતિબધ્ધ છે આવા અમૃતકાળમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

"સ્માર્ટ સીટી" ના ઉદ્દેશ સાથે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે સાથે પર્યાવરણને લગતી સમસ્યાઓના સ્માર્ટ સોલ્યુશનના ઉમદા હેતુંથી શહેરી વિકાસ મંત્રાલય, ભારત સરકાર ધ્વારા "અમૃત યોજના" જુન–૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવેલુ અને તેજ લેગેસી (વારસો) ને આગળ વધારતાં ઓકટોબર–૨૦૨૧માં માનનીય પ્રધાનમંત્રીના હસ્તે અમૃત–૨ યોજના લોન્ચ કરવામાં આવેલી હતી.

માનનીય અધ્યક્ષશ્રી,

અમૃત–૨ મિશન અંર્તગત દેશ અને રાજયના તમામ શહેરોમાં પાણી પુરવઠા, બાગબગીચા જેવી એમેનીટીસ તેમજ તમામ એ–વર્ગની મહાનગરપાલિકાઓમાં ભૂર્ગભગટર યોજનાના તેમજ ગ્રીનરીને લગતા કામોનો સમાવેશ કરવામાં આવેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

અંદાજીત એક લાખ કરોડના ખર્ચે અર્બન ડેવલોપમેન્ટ અને સ્માર્ટસીટીના ડેવલોપમેન્ટ માટેની અટલ મિશન ફોર રીજીન્યુવેટ એન્ડ અર્બન ટ્રાન્સફોમેશનમાં ૫૦૦ થી વધુ સીટીઓના ડેવલોપમેન્ટ માટે એપ્રુવ પણ મળી ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

સ્ટેટ એન્યુઅલ એકશન પ્લાન અંર્તગત પ્રપોઝ અમૃત સીટીનું મોનીટરીગ કરવામાં આવે છે. પ્રથમ ફેઝમાં ૯૦ સીટીને અમૃતસીટી તરીકે વિકસીત કરવાનું નકકી થયેલ. સીટીમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવાના ભાગરૂપે અમૃત–૨ હેઠળ અંદાજીત ૧૭,૭૧૭ કરોડના ખર્ચ સ્ટેટ વોટર એકશન પ્લાન મંજુર કરવામાત્ર આવેલ છે. જેમાં કુલ ૯૨ કામોનો સમાવેશ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય પ્રધાનમંત્રીસાહેબ છેવાડાના માણસની પણ ચિંતા કરીને વર્ષ ૨૦૨૩–૨૪ માટે આ જ સદર હેઠળ ૧૪૫૪.૯૩ કરોડની જોગવાઈ કરેલ છે. જે પૈકી અનુસુચિત જાતિ પેટા યોજના માટે ૧૦૩.૧૮ કરોડ અને આદીજાતી વિસ્તાર પેટા યોજનામાં રૂ.૪૮.૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલી હતી તેમજ આ જ યોજનાને આગળ વધારતા વર્ષ ૨૦૨૪–૨૫ માટે બે હજાર કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે જે પૈકી અનુસુચિત જાતિ પેટા યોજનામાં ૧૪૧.૭૯ કરોડ અને આદીજાતી વિસ્તાર પેટા યોજનામાં રૂા.૫૭.૨૮ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

અંતે હુ અમૃત યોજના અને અમૃત યોજના–૨ માટે હું પ્રધાનમંત્રીશ્રી પ્રતિ હર્ષની લાગણી અને ર્ગવ સાથે અત્રે હું મારુ વકત્વય પુર્ણ કરૂ છું.

જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત

જય શ્રી રામ